# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : વિરલ રાણા

## કોમ્પ્યુટરરાઈઝડ : આશિષ શાહ

## તારીખ : ૧૧–૧૨–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦

---

## રાષ્ટ્રપતિ – માનવઅધિકાર દિવસ :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશમાં સમાન ડિજિટલ વાતાવરણ સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો છે. , જે તમામના અધિકારો અને ગૌરવનું રક્ષણ કરે છે. ગઈકાલે નવી દિલ્હીમાં માનવાધિકાર દિવસ નિમિત્તે એક કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે સાયબર ગુના અને આબોહવા પરિવર્તન માનવ અધિકારો માટે નવો ખતરો છે. તેમણે કહ્યું , ડિજિટલ યુગ પરિવર્તનશીલ છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે , ગરીબી નાબૂદી, ભૂખ નાબૂદી અને યુવાનોને સમાન તકો પ્રદાન કરીને ભારત વિશ્વ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ તરીકે ઊભરી રહ્યું છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના ત્રણ પ્રકાશનો બહાર પાડ્યા.

માનવ અધિકાર દિવસ પર આકાશવાણી સમાચારને આપેલી મુલાકાતમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અને રાષ્ટ્રીય કાયદાકીય સેવા સત્તામંડળ- NALSAના કાર્યકારી અધ્યક્ષ ન્યાયામૂર્તિ બી.આર.ગવઈએ જણાવ્યું હતું કે , આ વર્ષે ત્રણ રાષ્ટ્રીય લોક અદાલતોનું આયોજન કરીને 7 કરોડ 70 લાખથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

**આર.એન.યુ. અમદાવાદ**

---

## શ્રમિક અન્નપૂર્ણા યોજના :

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ આગામી સમયમાં નવા ૧૦૦ ભોજન વિતરણ કેન્દ્રો શરુ કરાશે. માત્ર 5 રૂપિયાના નજીવા દરે શ્રમયોગીઓને પૌષ્ટિક ભોજન પૂરું પાડતી "શ્રમિકઅન્નપૂર્ણા યોજના" હેઠળ અત્યારે ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

એપ્રિલ-૨૦૨૪ થી અત્યાર સુધીમાં જ ૭૫.૭૦ લાખથી વધુ ભોજનનું અને કુલ ૨.૯૩ કરોડ રૂપિયાથી વધુનું ભોજનનું વિતરણ કરાયું. આ દરેક ભોજન પાછળ રાજ્ય સરકાર પ્રતિ ભોજન ૩૭ રૂપિયાની સબસીડી ચૂકવે છે. રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ કડીયાનાકાઓ ખાતે આવા ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

**આર.એન.યુ. અમદાવાદ**

---

## ધમ્મયાત્રા :

ગુજરાત આવેલી ચોથી ધમ્મયાત્રાના સભ્યોએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.

જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ટુરિઝમ લિમિટેડ અને થાઈલેન્ડની બોધગયા વિજાલય-980 સંસ્થા વચ્ચે કરાર થયા છે. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ-સંવર્ધન વિકાસના ક્ષેત્રે પરસ્પર સહયોગ લેવાશે.

મેકોંગ અને ગંગા સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક જોડાણ સુદ્રઢ કરવાના આશય સાથે ધમ્મયાત્રાનું આયોજન કરાયું છે. આ ધમ્મયાત્રા દરમિયાન રાજ્યમાં બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે વડનગર, દેવની મોરી તથા વડોદરાની મુલાકાત લીધી હતી..

**આર.એન.યુ. અમદાવાદ**

---

## ધો. ૧૦–૧૨ની પરીક્ષાની કાર્યક્રમમાં ફેરફાર :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યયમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ બાર સામાન્ય પ્રવાહની ફેબ્રુઆરી 2025માં લેવાનારી પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. હવે આ પરીક્ષા 27 ફેબ્રુઆરીથી 17 માર્ચ સુધી યોજાશે...

રાજ્ય સરકાર દ્વારા ધુળેટીની રજા 14મી માર્ચના રોજ જાહેર કરાતા હવે 17મી માર્ચના રોજ સંસ્કૃત, ફારસી, અરબી અને પ્રાકૃતના વિષયની પરીક્ષા યોજાશે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી અન્ય એક યાદી અનુસાર ધોરણ નવના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ પરીક્ષાના આવેદનપત્ર ભરવાની છેલ્લી તારીખ દસમી ડિસેમ્બર એટલે કે આજે હતી, તે લંબાવીને હવે 13મી ડિસેમ્બરની કરવામાં આવી છે.

**આર.એન.યુ. અમદાવાદ**

---

## પુસ્તકોનું વિમોચન – સી.એમ. :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા , જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના ‘સેવા સંકલ્પના બે વર્ષ’ પુસ્તકોના વિમોચન કર્યા. મુખ્યમંત્રી શ્રી પટેલની સરકાર આગામી 12મી ડિસેમ્બરે સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ કરી રહી છે, ત્યારે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના માર્ગદર્શનમાં બે વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓ પ્રકાશિત કરાઇ છે.

આ પુસ્તિકાઓમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં બે વર્ષમાં ૧ હજાર ૯૦ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના લોકાર્પણ અને ૨ હજાર ૪૫ કરોડ રૂપિયાના ખાતમુહૂર્ત કામો થકી છેવાડાના અંતરિયાળ ગામો સુધી પાણી પહોંચા ડવા જેવા લોકહિતના થયેલા કાર્યોનો ઉલ્લેખ કરાયો છે.

આ વિમોચન પ્રસંગે મંત્રી કુંવરજી બાવળીયા, રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર તથા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**આર.એન.યુ. અમદાવાદ**

---

## ગીતા જયંતિ :

આજે ગીતા જયંતિ નાં પર્વ ની શ્રધ્ધા પૂર્વક ઉજવણી થઈ રહીછે માગશર સુદ અગિયારસ નું પર્વ ગીતા જયંતી તરીકે ઉજવાય છે મહાભારત નાં યુદ્ધ ના આરંભ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણે

અર્જુન ને રણ મેદાન પર ગીતા નું  જ્ઞાન આપ્યું હતું આજે જિલ્લા માં વિવિધ સ્થળે ગીતા પૂજન અને પઠન નાં કાર્યક્રમો યોજાશે

દરમ્યાન ભુજ માં ગીતા જયંતિ મહોત્સવ ના  ભાગ રૂપે દક્ષિણા મૂર્તિ ટ્રસ્ટ  આર્ષ અધ્યયન કેન્દ્ર અને સનાતન હિન્દુ સમાજ દ્વારા હનુમંત કથા યોજાઈ રહી છે ગયા રવિવાર થી શરૂ થયેલ મહોત્સવ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેનું આવતીકાલ  12 મી એ સમાપન થશે

**પટણીભાઈ**

---

**હવામાન :**

રાજ્યમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી ઠંડીનું મોજું યથાવત રહેશે, તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. દરમિયાન કચ્છના નલિયામાં આગામી 24 કલાક શીત લહેર યથાવત્ રહેશે તેવી પણ શક્યતા છે.

**આર.એન.યુ. અમદાવાદ**

---